# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)
## ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
## જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬
તા. ૦૭-૦૫-૨૦૨૨ થી તા. ૧૧-૦૫-૨૦૨૨

(#Azadi ka Uatsav-Amrit Mahotsav)

**જામનગર જીલ્લા કૃષિ હવામાન બુલેટીન નં. ૩૬(૨૦૨૨) તારીખ: ૦૬-૦૫-૨૦૨૨**

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

### પાછલા અઠવાડીયાનું જામનગર નું હવામાન

| હવામાન પરિબળો | | |
|---|---|---|
| વરસાદ (મી.મી) | | ૦.૦ |
| મહતમ તાપમાન(સે.ગ્રે) | | ૩૭.૦-૩૯.૦ |
| લઘુતમ તાપમાન(સે.ગ્રે) | | ૨૬.૦-૨૭.૫ |
| ભેજ(%) | સવાર | ૭૩-૮૪ |
| | બપોરબાદ | ૩૭-૪૫ |
| પવનનીગતિ (કિમી/કલાક) | | ૧૦.૦-૧૫.૧ |

### હવામાન આગાહી

### ઉત્તર સૌરાષ્ટ્ર ખેતઆબોહવાકીય વિભાગ - જામનગર જીલ્લાની હવામાન આગાહી

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૦૭-૦૫-૨૦૨૨ | દિવસ-૨ ૦૮-૦૫-૨૦૨૨ | દિવસ-૩ ૦૯-૦૫-૨૦૨૨ | દિવસ-૪ ૧૦-૦૫-૨૦૨૨ | દિવસ-૫ ૧૧-૦૫-૨૦૨૨ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન(સે.ગ્રે) | ૩૪ | ૩૪ | ૩૪ | ૩૫ | ૩૪ |
| લઘુત્તમ તાપમાન(સે.ગ્રે) | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ |
| મહત્તમ ભેજ (%) સવાર | ૮૦ | ૮૧ | ૮૨ | ૭૮ | ૮૨ |
| લઘુત્તમ ભેજ (%) બપોરબાદ | ૭૦ | ૭૦ | ૭૧ | ૭૧ | ૭૧ |
| પવનની ગતિ (કિમી/કલાક) | ૨૨.૬ | ૨૩.૯ | ૨૩.૪ | ૨૨.૬ | ૨૪.૨ |
| પવનની દિશા (ડીગ્રી) | **પશ્ચિમ** | **પશ્ચિમ** | **પશ્ચિમ** | **પશ્ચિમ** | **પશ્ચિમ** |
| વાદળની સ્થિતિ | **ચોખ્ખું** | **ચોખ્ખું** | **ચોખ્ખું** | **મુખ્યત્વે ચોખ્ખું** | **આંશિક વાદળછાયું** |

નોંધ: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહી.

ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર તરફથી જણાવવામાં આવે છે કે ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના

જામનગર જીલ્લામાં આગામી સપ્તાહ દરમ્યાન હવામાન ચોખ્ખું રહેશે તથા વરસાદ પડવાની શક્યતાઓ નહીવત્ત રહેશે. આ સમય ગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમ્યાન ૩૨-૩૪ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન

| |
|---|
| ૨૭-૨૮ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે. સવારના સમયે ભેજનું પ્રમાણ ૮૨-૮૪ % રહેશે તથા બપોર પછીના ભેજનું પ્રમાણ ૨૭-૩૪ % રહેવાની શક્યતા છે. પવનની દિશા મોટેભાગે પશ્ચિમ તરફથી રહેવાની અને પવનની ઝડપ ૨૨.૭-૨૪.૫ રહેશે. |

## સામાન્ય કૃષિ સલાહ

- ભારતીય હવામાન વિભાગ દ્વારા જારી કરેલ પ્રથમ હવામાન આગાહી અનુસાર આગામી ૨૦૨૨ નું નૈઋત્યનું ચોમાસું સામાન્ય (૯૬-૧૦૪%) રહેવાનું અનુમાન છે. જેમાં ખાસ કરીને ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રનાં વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ સામાન્ય કરતાં વધારે રહેશે.
- આગામી ચોમાસાની ઋતુમાં વાવણી માટે ખેડુતોને સારી ગુણવત્તા અને વધારે ઉત્પાદન આપતી જાતોના બીજની પસાંદગી કરીને મેળવી લેવાની સલાહ આપવામાં આવે છે.
- કમ્પોસ્ટ, છાણીયું ખાતર અને જીપ્સમ ભલામણ મજુબ ચાસમાં ભરવું. શક્ય હોય ત્યાં સુધી છાણીયું ખાતર જ વાપરવું જોઈએ કેમ કે તેના ઉપયોગથી રાસાયણિક ખાતરની જેમ જમીનમાં કોઈ આડ અસર થતી નથી.
- આગામી ચોમાસુ પાકોના વાવેતર માટે ખેત આયોજન કરવુ તેમજ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવો.
- જો સકૂયેલ કણસલાં કે કાપણી કરેલ ઉનાળુ પાક/ઘાસચારો ખેતરમાં પડેલ હોય તો યોગ્ય જગ્યાએ સંગ્રહ કરવો.
- ઉનાળુ મગફળી, બાજરી, મગ, અડદ અને તલ જેવા પાકોની સમયસર કાપણી અને થ્રેશીંગની કામગીરી પૂર્ણ કરી અનાજના જથ્થાને સલામત સ્થળે સંગ્રહ કરવો.
- ખેતરના સેઢા, પાળા અને વરસાદના પાણીની નીકાલની ગટરોને સાફ કરી ને આગામી ચોમાસા માટે ખેતરને તૈયાર કરવું.
- ગુલાબી ઈયળનાં નિયંત્રણ માટે કપાસનું વહેલું વાવેતર ન કરતા સમયસર વાવણી થયા પછી વાવેતર કરીયે જેથી અમુકઅંશે નિયંત્રણ કરી શકાય છે.

| પાક પ્રમાણે કૃષિ સલાહ | |
|---|---|
| **મુખ્યપાક** | **કૃષિસલાહ** |
| ઉનાળું મગફળી | • **પિયત:** મગફળીની કટોકટીની અવસ્થાઓ જેવી કે જમીનમાં સુયા બેસવા, દાણા ભરાવા, પરિપક્વતા અવસ્થાઓએ જમીનમાં ભેજની ખેંચ ન જણાય તે અગત્યનું છે.<br>• **થ્રીપ્સ અને લીલી પોપટી:** મગફળીમા થ્રીપ્સ અને લીલી પોપટી ના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મીલી અથવા લીંબોળીના મીંજ નુ ૫ ટકા અર્કનુ દ્રાવણ ૫૦૦ મીલી સાથે પ્રોફેનોફોસ ૨૦ મી.લી. અને એસીફેટ ૧૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• **પાનકથીરી:** પાનકથીરીનો ઉપદ્રવ હોય તો પ્રોપરગાઈટ ૫૭ ઈ.સી. ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| ઉનાળું મગ | • **પિયત:** જમીનની પરત મુજબ પાકની કટોકટીની અવસ્થાએ પિયત આપવું.<br>• **ચુસીયા પ્રકારની જીવાતન:** પાકમાં ચુસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે૧૦મી.લી. ડાયમીથોયેટ અથવા મીથાઈલ-ઓ-ડમેટોન દવા ૧૦લીટર પાણીમાં ભેળવી જરૂરીયાત મજુબ છંટકાવ કરવો. |
| ઉનાળું તલ | • **પિયત:** પિયત જરૂરિયાત પ્રમાણે જમીનના પ્રકાર મુજબ ૬-૧૦ દિવસના અંતરે જેમકે બૈઢા બંધાવા, દાણા ભરાવા અને પરિપક્વતા જેવી કટોકટીની અવસ્થાએ પિયત આપવાથી સારું ઉત્પાદન મેળવી શકાય.<br>• **થ્રીપ્સ અને લશ્કરી ઈયળ:** તલના પાકમાં થ્રીપ્સ અને લશ્કરી ઈયળનાં નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મીલી અથવા લીંબોળીના મીંજ નુ ૫ ટકા અર્કનુ દ્રાવણ ૫૦૦ મીલી સાથે પ્રોફેનોફોસ ૨૦ મી.લી. ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• **પર્ણ ગુચ્છ:** લીલા તડતડીયાનાં કારણે આ રોગ ફેલાય છે, જેના નીયંત્રણ માટે ફોસ્ફામીડોન ૩ મીઅથવા .લી. |

| | |
|---|---|
| | ડાયમીથોએટ ૧૦ મી .લી.પ્રતિ ૧૦ લીટરમાં પાણીમાં નાખી છંટકાવ કરવો અને રોગીષ્ટ છોડને ઉપાડી નાશ કરવો. |
| ઉનાળું બાજરો | • **પિયત:** જમીનની પરત મુજબ પાકની કટોકટીની અવસ્થા જેવીકે દાણા ભરાવા અને પરિપક્વ અવસ્થાએ પિયત પિયત આપવું. |
| શાકભાજી પાકો | • રોગીષ્ટ છોડને ખેતરમાંથી ઉપાડીને જમીનમાં દાટી દેવા જોઈએ.<br>• શાકભાજી પાકોને નિંદણ મુક્ત રાખવા જોઈએ.<br>• **પાન કોરીયુ:** વેલાવાળા શાકભાજી પાકમાં પાન કોરીયાનો ઉપદ્રવ ટાળવા માટે ૧૫ મીલી મીથાઈલ-ઓ-ડેમેટોન (૨૫ ઈસી) અથવા ૧૫ મીલી ડાયમીથોએટ (૩૦ ઈસી) ૧૫ લીટર પાણીના પંપમાં નાખીને છંટકાવ કરવો.<br>• **થ્રીપ્સ:** મરચીના પાકમાં થ્રીપ્સના નિયંત્રણ માટે ૩૦ મીલી પ્રોફેનોફોસ ૧૫ લીટર પાણીમાં મિશ્રણ કરી છાંટવી. થ્રીપ્સનો વધુ ઉપદ્રવ હોય તો સ્પીનોસાડ અથવા સ્પીનેટોરમ દવા ૭-૮ મીલી. પ્રતિ પંપ છાંટવી.<br>• **ફળમાખી:** ફળમાખીના નિયંત્રણ માટે એસીટામીપ્રીડ ૨૦ ટકા ૧૫ ગ્રામ દવા ૧૫ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br>• **લીલી ઈયળ:** ટામેટાના પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે તેના નીયંત્રણ માટે ઈન્ડોક્ઝાકાર્બ ૨૫ ઈસી ૩૦ મિલી અથવા સ્પીનોસાદ ૪૫ ઈસી ૫ મિલી પ્રતિ પંપ છાંટવી.<br>• **પાનકથીરી:** શાકભાજી પાકોમાં પાનકથીરીનો ઉપદ્રવ જોવા મળે તો ફેનાઝાકવિન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ડાયફેન્યુરોન ૫૦ ડબલ્યુ પી ૧૫ ગ્રામ ૧૫ લીટર પાણીમાં પંપમાં નાખીને છંટકાવ કરવો.<br>• **સફેદ માખી અને લીલી પોપટી:** ભીંડામાં સફેદ માખી અને લીલી પોપટીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મી.લી. અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્ક નું દ્રાવણ ૫૦૦ મી.લી. અને ડાયફેનથાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| પશુ | • યોગ્ય માત્રામાં આવશ્યક ક્ષાર / ખનિજ મિશ્રણ ચારા સાથે ભેળવીને પ્રાણીઓને આપવું આવશ્યક છે.<br>• પશુઓના રહેઠાણની જગ્યાની વ્યવસ્થિત સફાઈ રાખવી અને માખીઓના ઉપદ્રવથી બચવા ફિનાઈલ છાંટવું અથવા લીમડાનાં પાનનો ધુમાડો કરવો.<br>• પશુને ૬ થી ૮ કી.ગ્રા. સુકો અને ૧૫ થી ૨૦ કી.ગ્રા. લીલો ચારો આપવો. દુધાળા પશુઓને પ્રતિ લીટર દુધની ઊપજ હોય તેમને નિયમિત ૧ કી.ગ્રા. ફીડ + ૫૦ ગ્રામ ખનીજ તત્ત્વોનું મિશ્રણ આપવું.<br>• ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાલ ૨ મી.લી. એક લીટર પાણીમાં નાખીને છાંટવી. |

# District Agrometeorological Unit (DAMU)

## GraminKrushi Mausam Seva (GKMS)
## Krishi Vigyan kendra
## Junagadh Agricultural University
## Jamnagar-361006
## Date:07-05-2022 to 11-05-2022
## (#Azadi ka Uatsav-Amrit Mahotsav)

**Jamnagar District Agromet Advisory Service bulletinNo. 36(2022) Date: 06-05-2022**

**(Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department)**

## Significant weather for the preceding week

| weather parameter | | |
|---|---|---|
| Rain fall (mm) | | 0.0 |
| Maximum temperature (◦C) | | 37.0-39.0 |
| Minimum temperature (˚C) | | 26.0-27.5 |
| Relative Humidity (%) | Morning | 73-84 |
| | Afternoon | 37-45 |
| Wind speed (Kmph) | | 10.0-15.1 |

## Weather forecasting for Jamnagar District

| Date / Parameters | Day-1 07-05-2022 | Day-2 08-05-2022 | Day-3 09-05-2022 | Day-4 10-05-2022 | Day-5 11-05-2022 |
|---|---|---|---|---|---|
| Rain fall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| Maximum temperature (˚C) | 34 | 34 | 34 | 35 | 34 |
| Minimum temperature (˚C) | 27 | 27 | 27 | 27 | 27 |
| Relative Humidity-I (%) | 80 | 81 | 82 | 78 | 82 |
| Relative Humidity-II (%) | 70 | 70 | 71 | 71 | 71 |
| Wind speed (Km/h) | 22.6 | 23.9 | 23.4 | 22.6 | 24.2 |
| Wind Direction (deg.) | W | W | W | W | W |
| Cloud cover (Okta) | clear | clear | clear | Mainly clear | Partly cloudy |

Note: Above forecast is the average situation of whole district not for one particular place.

Gramin Krishi Mausam Seva, Krishi Vigyan Kendra, Jamnagar and Indian meteorological department announce upcoming five days weather forecast of

Jamnagar district have sky will be observed Clear to partly cloudy weather forecast in next five days.

Rain fall: In the next no chances of rainfall

Temperature: Maximum and minimum temperature likely to be in range 34-35 °C and 27 °C, respectively.
Relative Humidity: The RH-I and RH-II is likely to be in the range of 78-82 % & 70-71 %, respectively.
Wind Direction and Speed: Direction and speed of wind is likely to be W and 22.6-24.2 km/h, respectively.

## General Agricultural Advisory

- As per IMD 1st phase long range forest upcoming 2022 south-west monsoon will be Normal (96-104%). In Gujarat, katch and Sauratra region above normal rainfall forecast.
- Farmers are advised to procure good quality and select the certified seed with high yielding variety of Kharif crops for sowing next monsoon season.
- Collect the seed material or purchase it advance from agricultural universities, state seed corporation sectors before the monsoon.
- Compost, FYM fertilizers and gypsum filling in the furrow as recommended. If possible then apply FYM because in FYM no residue effect compare to chemical fertilizer.
- Farmers are advised to prepare their field for an upcoming kharif crops sowing and to get the supply of seeds, fertilizers and insecticide, pesticide and fungicide according.
- If dried hay or harvested summer crop / fodder are lying in the field, store it in the safe place.
- If crop is mature then complete threshing of summer groundnut, pearl millet and sesame immediately.
- Cleaning ridge, fencing and drainage system of the field and preparing the field for the next monsoon.
- Early sowing in cotton crop is not recommended due to pink bollworm attack at early stage.

| Crop wise Advisory | |
|---|---|
| **crop** | **Advisory** |
| **Summer Groundnut** | • **Irrigation:** The moisture essential at root zone must be required when crop led its critical stage i.e. peg formation, pod formation and Maturity.<br>• **Thrips and Jassid:** For control of Thrips and Jassid in groundnut spray neem seed extract 5% and profenofos 20 ml and acephate 15 gm in 10 liters of water.<br>• **Mite:** If infestation of mite observed in groundnut, then spray Ethion 50 EC 15 ml or Propargite 57 % EC @ 10 ml/ 10 litre of water. |

| | |
|---|---|
| **Summer Green gram** | • **Irrigation:** Apply irrigation at critical stages on basis of soil type.<br>• **Sucking pest:** For the control of sucking pest, spray 10 ml Dimethoate OR Methyl-O-Demeton in 10 liter of water. |
| **Summer Sesame** | • **Irrigation:** Apply irrigation on the basis of soil type and critical growth stages like capsule formation, seed formation and maturity etc.<br>• **Thrips and Army worm:** For control of Thrips and Army worm in sesame spray neem seed extract 5% and profenofos 20 ml and in 10 liters of water.<br>• **Phyllody:** Disease is spread by jassids. Apply phosphamidon 3 ml or dimethoate 10 ml in 10 litres of water for its control. Collect and destroy infected plants. |
| **Summer Pearlmillet** | • **Irrigation:** Apply irrigation at critical stages on basis of soil type like grain filling and maturity stage. |
| **Vegetables** | • Infected plants should be uprooted and buried in the soil.<br>• Keep vegetable crop weed free.<br>• **leaf Webber:** For the control of leaf Webber in fruit leafy vegetable spray 15 ml methyl-O-demeton (25 EC) Or 10 ml diamethoate (30 EC) in 15 liter of water.<br>• **Thrips in chilli:** For the control of thrips in chilli, spray 30 ml profenophos in 15 litres of water. In case of heavy attack make spray of spinosad or spinetoram 7-8 ml per 15 liter of water.<br>• **Fruit fly:** For the control of Fruit fly spray acetamiprid 20 % 15 gm per 15 liter water pump.<br>• **Fruit borer:** In brinjal and tomato crops control of fruit borer, spray reenaxipayar @ 5 ml in 15 lit of water. In tomato crops control of fruit borer, spray indoxacarb 25 EC 30 ml or spinosad 45 EC 5 ml per pump mix in water and spray.<br>• **Mite:** If mite infestation observe in vegetable then spray fenazaquin 10 EC 10 ml or diafenuron 50 WP 15 gm per 15 liter water pump and carried out alternate spray.<br>• **Whitefly & jassids in Okra:** For control of whitefly & jassids in Okra, spray 500 ml of 5 % neem seed extract or 50 ml neem oil or acephate75 % SP@ 15 gm or imidacloprid 17.8 SL 3 ml/10 litre of water. |
| **Animals** | • Essential salts/mineral mixture in appropriate quantities must be mixed with feed and given to the animals.<br>• Spray phenyl in the animal shed to avoid flys and mosquitoes. Keep animal shed hygienic and clean to avoid flies and mosquitoes.<br>• Provide 6-8 kg good quality dry roughage with 15-20 kg green fodder to |

the animals. For milch animals, regularly follow schedule of 1 kg feed + 50 g mineral mixture per 2 liters of milk yield.

- Spray Deltamethrin or Amitraz 2 ml/litre of water for the control of tick.